નવસારી કૃષિ યુનિવર્સિટીના શિક્ષક સંવર્ગની ડીસીપ્લીન વાઇઝ જગ્યાઓ નકકી કરવા બાબત.

## ◈ પરિપત્ર ◈

નવસારી કૃષિ યુનિવર્સિટીના તમામ યુનિટ/સબયુનિટ,તથા કોલેજના ડીનશ્રીઓ/અધિકારીશ્રીઓને જણાવવાનું કે કેટલીક કચેરીઓના ત્રિમાસિક મહેકમના ચાર્જ પત્રકોમાં શિક્ષક સંવર્ગની જગ્યાઓમાં ડીસીપ્લીન વાઇઝ મંજુર થયેલ જગ્યાઓમાં વારંવાર ફેરફાર જોવા મળતા હોય છે. તેમજ કેટલીક યોજનાઓને અન્ય યોજનાઓ સાથે ભેળવી દેવાથી (મર્જ કરવાથી) યોજનાઓની જગ્યાઓની માહિતીઓમાં પણ વિસંગતતા જોવા મળેલ છે. આ યુનિવર્સિટીની વિવિધ કચેરીઓ તરફથી મોકલવામાં આવતી મંજુર થયેલ યોજનાઓના શિક્ષક સંવર્ગના મહેકમની માહિતીઓમાં વારંવાર ફેરફારને કારણે નામ.સરકારશ્રીમાં જયારે માહિતી રજુ કરવાની થાય છે ત્યારે નામ. સરકારશ્રી તરફથી મંજુર થયેલ યોજનાઓના મહેકમ મુજબની માહિતીઓ સુસંગત રીતે રજુ કરી શકાતી નથી જેને કારણે મંજુર થયેલ મહેકમની જગ્યાઓ બાબતે પ્રશ્નો ઉપસ્થિત થાય છે.

આ યુનિવર્સિટીની શિક્ષક સંવર્ગની મંજુર થયેલ કચેરીઓમાં ડીસીપ્લીન વાઇઝ જગ્યાઓ કાયમી ધોરણે નકકી કરવા માટે આયોજન કરવામાં આવનાર છે. જે કામગીરી માટે **નીચે જણાવ્યા મુજબની માહીતી દિન-૫** માં મોકલી આપવા આથી આજ્ઞાનુસાર જણાવવામાં આવે છે.

| અ.નં. | કચેરીનું નામ | યોજનાનું નામ | યોજનાનો પ્રકાર (પ્લાન/નોનપ્લાન/ આઇ.સી.એ.આર./ અધર એજન્સી | બજેટસદર | સંવર્ગનું નામ (શિક્ષક સંવર્ગની તમામ જગ્યાઓ) | મંજુર થયેલ જગ્યા ની સંખ્યા | મંજુર થયેલ જગ્યાની ડીસીપ્લન | નોધ |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | ૩ | ૪ | ૫ | ૬ | ૭ | ૮ | ૯ |

વધુમાં જણાવવાનું કે નામ.સરકારશ્રી તરફથી જે તે યોજનાની મંજુર થયેલ ડીસીપ્લનની જગ્યાઓમાં કોઇ ફેરફાર થઇ શકશે નહી,તેમજ યોજનાઓના મંજુર થયેલ હુકમોની એક નકલ અત્રે મોકલી આપવા જણાવવામાં આવે છે.

પ્રસ્તુત પરિપત્ર માન. કુલપતિશ્રીએ આપેલ મંજુરી અન્વયે યુનિવર્સિટીના કામકાજના હિતમાં જારી કરવામાં આવે છે.

જા.નં.નકૃયુ/રજી./એડીએમ.૧.૧/ ૧૩૭૦-૧૯/૨૦૧૬
નવસારી તા. ૨૭.૧.૨૦૧૬

**કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**નકલ સવિનય રવાના :**

૧. યુનિવર્સિટીના તમામ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ
૨. તમામ કોલેજના ડીન/આચાર્યશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ
૩. યુનિટ/સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ તથા અમલ સારુ
૪. કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી
૫ અત્રેની કચેરીની એડીએમ.ર.૫ શાખા તરફ જાણ સારુ.